## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**જાહેર અપીલ; કોઈએ ઘરનાં કિંમતી તેલ મસાલા અને સમય વાપરી ભરેલા મરચાં બનાવવા નહીં, ઉપર પ્લાસ્ટીક જેવું પડ, દિંટીયા અને બી કાઢી નાખવા પડે છે. ત્યારબાદ ખાવા જેવો તમારા ઘરનો મસાલો જ હોય છે...!!**

### દહેગામના રખીયાલ નજીક આવેલ

# પીપલજ ગામમાં એક ગલ્લામાં સંતાડેલો બે કિલો ગાંજો પકડાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખીયાલ નજીક આવેલા પીપલજ ગામ તરફ જવાના માર્ગ પર આવેલા એક લાકડાના ગલ્લામાં પ્લાસ્ટીકની થેલીમાં રાખેલો બે કિલો ગાંજાનો જથ્થો ગાંધીનગર એસઓજી પોલીસની ટીમે પકડી પાડ્યો હતો. પોલીસે ગલ્લામાં ગાંજો રાખનાર શખ્સની ધરપકડ કરી હતી. જયારે આ ગાંજો ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના નિરમાલી ગામનો શખ્સ આપી ગયો હોવાનું પુછપરછમાં જાણવા મળ્યું હતું. જેથી પોલીસે તેની સામે પણ ગુનો નોંધી તેની ધરપકડ કરવા માટે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામ તાલુકાના રખીયાલ ગામથી પીંપળજ તરફ જવાના માર્ગ પર સામેત્રી ગામ ચાર રસ્તા પાસે આવેલા લાકડાના ગલ્લા અજીત ધનાજી ઠાકોર નામનો શખ્સ ગેરકાયદેસર રીતે ચોરી છુપી થી ગાંજાનો વેપાર કરે છે તેવી બાતમી ગાંધીનગર એસઓજીની ટીમના હે.કો.દેવેન્દ્રસિંહને મળી હતી. જેને પગલે પીઆઈ ડી.બી.વાળા, પીએસઆઈ વી.એમ.ઝાલા, સ્ટાફના નરેન્દ્રસિંહ, વિજયકુમાર, સુરેન્દ્રસિંહ, તેમજ વ્રજલાલ સહિતના સ્ટાફે રેઈડ કરી લાકડાના કેબીનમાંથી પ્લાસ્ટીકની થેલીમાં રાખેલો રૂ.૧૨૦૦૦ નીકિંમતનો ગાંજો મળી આવ્યો હતો. એફએસએલની નિષ્ણાંત તપાસ કરાવતા મળી આવેલી વસ્તુ ગાંજો હોવાનું માલુમ પડ્યું હતું. જેને પગલે કેબીનમાં ગાંજો રાખનાર અજીતભાઈ ધનાજી ઠાકોર ઉં.વ.૩૩ રહે.પીરાવાળો વાસ સામેત્રી તા.દહેગામની ધરપકડ કરી હતી. જયારે પુછપરછ દરમિયાન ગાંજો ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના નિરમાલી ગામના માધાભાઈ નામનો શખ્સ આપી ગયો હોવાનું જણાવતા તેની સામે પણ ગુનો દાખલ કરી આગળની તપાસ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક પોલીસ દ્વારા જાણે કે અસામાજીક પ્રવૃતિ ચાલી રહી હોય તેની સામે આંખ આડા કાન કરવામાં આવતા હોવાથી જિલ્લાની એજન્સી દ્વારા જ રેઈડ કરી નોંધપાત્ર કામગીરી કરાઈ રહી છે. ત્યારે સ્થાનિક પોલીસની કામગીરી પર પણ અનેક સવાલો ઉભા થયા હોય તેમ લાગી રહ્યું છે.

# આજે રાષ્ટ્રીય આવાસ દિવસ ચારેય તાલુકામાં ઉજવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે ચારેય તાલુકામાં રાષ્ટ્રીય આવાસ દિવસની ઉજવણીનું આયોજન કરાયુ છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો ૨૦ નવેમ્બરથી આરંભ થયો હોવાથી આ રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૨૨ સુધીમાં તમામ લોકોને આવાસ યોજનાનો લાભ ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના એ કેન્દ્ર સરકારની ફલેગશીપ યોજના છે. જિલ્લામાં ચારેય તાલુકામાં આ અંગેની ઉજવણી કરવામાં આવનાર છે. આ માટેનુ આયોજન પણ આખરી કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર તાલુકામાં આદરજમોટી ખાતે, માણસા તાલુકામાં લિંબોદ્રા ખાતે, કલોલ તાલુકામાં ભીમાસણ ખાતે અને દહેગામ તાલુકાના બિલામણા ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉજવણીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શું છે, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કયા કયા તબક્કે સહાય મળે છે તે સહિતની વિગતો લાભાર્થીઓને સમજાવવામાં આવશે. ચાલુ વર્ષનો ૧૧૦૦ના લક્ષ્યાંક સામે ૭૭ જેટલા આવાસોનું નિર્માણ થઈ ચુક્યુ છે તો બીજા કેટલાક આવાસોનું નિર્માણ કાર્ય હાલ ગતિમાં છે.

# સિવિલમાં વહીવટી નર્સિંગ સ્ટાફની ઘટ કયારે પુરાશે..?

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી વહીવટી નર્સિંગ સ્ટાફની ઘટ છે. તેમ છતા જીએમઈઆરએસ સોસાયટી દ્વારા નર્સિંગ સ્ટાફની આ ઘટ પુરવામાં આવતી નથી. જેને પગલે નર્સિંગની વહીવટીય કામગીરી પર અસર પહોંચે છે.



પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે. ગાંધીનગર જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લામાંથી પણ દર્દીઓ સારવાર માટે અહી આવે છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર થાય છે. હાલના સમયે ડેન્ગ્યુ અને વાઈરલ ફીવરના દર્દીઓ વધુ હોવાથી નવા વોર્ડ તંત્ર દ્વારા ઉભા કરાયા છે. અનેકવાર ૬૫૦ બેડની હોસ્પિટલમાં ૮૦૦ થી વધુ દર્દીઓએ સારવાર લીધી છે. ત્યારે આ બધી પરિસ્થિતિમાં પહોંચી વળવા માટે સિવિલ તંત્ર પાસે નર્સિંગ સ્ટાફની તમામ જગ્યા ભરવામાં આવી છે. પરંતુ વહીવટી નર્સિંગ સ્ટાફની ઘટ છેલ્લા ઘણા સમયથી ચાલી આવે છે. ગાંધીનગર હોસ્પિટલમાં નર્સિંગ સુપ્રિટેન્ડન્ટની જગ્યા પણ હાલ ચાર્જમાં ચાલી રહી છે. જે નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ હતા તેઓને વડનગર ખાતે ડેપ્યુટેશન પર મોકલવામાં આવ્યા છે. જયારે આસીસટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટની ૧૨ જગ્યા સામે ગણતરીની જગ્યા જ ભરવામાં આવી છે. જયારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૫૨ ઈન્ચાર્જ હોવા જોઈએ તેના સ્થાને અંદાજીત ૨૦ જેટલી જગ્યા ખાલી છે. જયારે સ્ટાફ નર્સની જગ્યા તમામ ભરવામાં આવી છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં વહીવટી કામગીરી માટે જોઈતો સ્ટાફ ન હોવાથી કામ અટવાઈ પડે છે. નર્સિંગ સ્ટાફની કામગીરી નર્સિંગની ઓફિસથી કરવામાં આવે છે. જેથી સ્ટાફને સ્પર્શતા કેટલાક પડતર પ્રશ્નો છે જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. ત્યારે વહીવટી સ્ટાફ ન હોવાથી નર્સિંગ સ્ટાફના કામ ધીમી ગતિએ થઈ રહ્યા છે. ત્યારે સિવિલમાં વહીવટી નર્સિંગ સ્ટાફની ઘટ સત્વરે પુરવામાં આવે તેવી માંગ પ્રબળ બનવા પામી છે.

# શેરથા અને પોર ગામેથી જુગાર રમતા ૧૧ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા પોર અને શેરથા ગામે જુગાર રમી રહેલા ૧૧ જુગારીઓને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસને બંન્ને સ્થળ પરથી જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૯૨૦ જપ્ત કરી જુગારધારાનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના હે.કો.દલપતસિંહને પોર ગામે લિમ્બડીયાવાસમાં રમાતો હોવાની જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે રેઈડ કરતા ગામના જ રમેશ મહોતજી ચાવડા, દિલિપ ઉર્ફે કાળોો ગોપાળજી ચાવડા, કિરણ રમેશ ચાવડા, રણજીત રમેશજી ચાવડા, લાલા સેંધાજી ચાવડા, ભરત કાનાજી ચાવડા, ગણપતગીરી ડાહ્યાગીરી ગોસ્વામી, જુગાર રમતા રંગેહાથ પકડાઈ ગયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી અંગજડતી દરમિયાન રૂ.૩૧૭૦ જમા કરી તમામ સામે જુગારધારાનો કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં શેરથા ગામે ખાંટવાસમાં ખુલ્લા વાડામાં જુગાર રમાતો હોવાની બાતમીને પગલે પોલીસે રેઈડ પાડી હતી. જેમાં ગામના જ વજા ડાહ્યાજી ઠાકોર, બાબુ છનાજી ઠાકોર, રમેશ બાદરજી ઠાકોર, વાઘા શકરાજી ઠાકોર જુગાર રમતા પોલીસના હાથે રંગેહાથ પકડાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.૧૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર નાગરિક બેંકના પદનામિત પદાધિકારીઓએ ચાર્જ સંભાળ્યો

**વાઇસ ચેરમેન પ્રવિણ પટેલ અને મેનેજીંગ ડિરેક્ટર વિપુલ પટેલ સહીતના નવા હોદેદારોને નગરના રાજકીય અને સામાજિક અગ્રણીઓ સહીત બેંકના કર્મચારીઓ અને વેપારીઓ શુભેચ્છા પાઠવી**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન , વાઈસ ચેરમેન તેમજ મેનેજીંગ ડિરેકટરે આજે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. આ તબક્કે રાજકીય અગ્રણીઓ , સમાજના આગેવાનો તેમજ બેંકના કર્મચારીઓ તેમજ વેપારીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.



ગાંધીનગર નાગરિકો કો ઓપરેટીવ બેંકના વર્ષ ૨૦૧૯-૨૦ માટે નવા હોદેદારોની અગાઉ મળેલી બોર્ડ બેઠક દરમિયાન સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જયારે આજે નવા હોદેદારોએ વિધિવત ચાર્જ પણ સંભાળી લીધો હતો. નાગરિક બેંકના ચેરમેન તરીકે વિક્રમ કે પટેલની વરણી કરવામાં આવી છે. વિક્રમભાઈ બાગાયત અધિકારી તરીકે પણ ઉત્તમ સેવા આપી ચુક્યા છે.બેંકમાં છેલ્લા ૨૫ વર્ષથી ડિરેકટર તરીકે છે. જયારે તેમણે ભુતકાળમાં ૩ વાર મેનેજીંગ ડિરેકટર તરીકે સેવાઓ આપી છે. આ ઉપરાંત સમાજમાં પણ તેમનુ વિશેષ યોગદાન છે. તેઓ સમસ્ત પાટીદાર સમાજના પ્રમુખ છે. શ્રી સાંઈ સેવા મંદિરના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી રહ્યા છે. જયારે વાઈસ ચેરમેન તરીકે પ્રવિણકુમાર ડી પટેલે આજે હોદો સંભાળ્યો હતો. પ્રવિણભાઈ ગાંધીનગરના પુર્વ મેયર છે. બેંકમાં છેલ્લા ૩૨ વર્ષથી ડિરેકટર તરીકે છે. આ ઉપરાંત તેમણે અગાઉ ચેરમેન તેમજ મેનેજીંગ ડિરેકટર તરીકે પણ સેવા બજાવી છે. મેનેજીંગ ડિરેકટર તરીકે વિપુલ આર પટેલે આજે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. ૧૯૯૯થી બેંકમાં ડિરેકટર તરીકે સેવા આપતા વિપુલભાઈ ગાંધીનગર ચરોતર પાટીદાર સમાજના પ્રમુખ છે. આ ઉપરાંત ગાંધીનગર ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસિએશનના પણ પ્રમુખ છે. જયારે ગુજરાત સ્ટેટ રેસલીંગ એસોસિએશનના ઉપપ્રમુખ છે. આ ઉપરાંત તેમણે ગાંધીનગર એન્જિનિયર આર્કીટેકટ એસોસિએશનના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે. બેંકના આ ત્રણેય હોદેદારોએ આજે ચાર્જ સંભાળ્યો હતો.આ તબક્કે પુર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીન, પુર્વમંત્રી વાડીભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય અશોક પટેલ, મેયર રીટાબેન પટેલ ગુડાના પુર્વ ચેરમેન અશોક ભાવસાર, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સહીત વેપારીઓ બેંકના પુર્વ હોદેદારો, બિલ્ડર્સ, એન્જિયર્સ અને કર્મચારીઓ સહીત નગરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેંકના નવા હોદેદારોને આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી.

# સે-૭-ડીના અમૃત મહોત્સવમાં વડીલો તથા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સે-૭-ડીની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ સુમંતભાઈ




શાહના અધ્યક્ષસ્થાને મળી હતી. સુમંતભાઈ શાહે સ્વાગત પુષ્પગુચ્છ પુસ્તિકા આપી સન્માન કર્યું હતું.

પૂર્વ પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટના ગુણનુવાદ કરી સેવાઓ બિરદાવવામાં આવી હતી તથા અન્ય દિવંગત સભ્યોના અવસાન અંગે મૌન પાળવામાં આવ્યું હતું. મુખ્ય વિશિષ્ટ વ્યકિત વિશેષ પદે ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, નગરસેવકો કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર વગેરેએ તેજસ્વી તારલાઓનું સન્માન કરી તેમને આર્શીવાદ આપ્યા હતા.

આ સમારંભમાં અમૃત મહોત્સવ નિમિત્તે રમેશભાઈ એમ. જોષી, ડૉ. જગદીશભાઈ દવે, કેશવગીરી ગોસ્વામી, બિરેનભાઈ શાહ, ભાનુબેન જયંતભાઈ ભટ્ટ, પ્રમોદીની બેન નિમ્બાલકર તથા પ્રવીણભાઈ વઘાણીનું સન્માન કરવામાં આવ્યું હતું. સભાનું સંચાલન ડૉ. સંજયભાઈ સુમંતભાઈ શાહે કર્યું હતું જયારે આભારવિધિ ભુપતભાઈ ભૂતડીયાએ કરી હતી.

# ડભોડા કન્યા શાળાને ખેલકૂદના સાધનો સેવાભાવી સંસ્થા દ્વારા ભેટ અર્પણ

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ડભોડા કન્યા શાળાને રાઉન્ડ ટેબલ ઈન્ડિયા તથા લેડીઝ સર્કલ ઈન્ડિયા નામની સેવાભાવી સંસ્થા દ્વારા રમતગમતના તથા ખેલકૂદના સાધનો ભેટ અર્પણ કરતા શાળાના બાળકોમાં ખૂબ ઉત્સાહ અને આનંદ પ્રશરી જવા પામ્યો હતો. સાધનો ભેટ અર્પણ કરતા સંસ્થાના પ્રતિનિધિ તરીકે નીલેષ ગુપ્તા, કનિકા મહાદેવવાલા, પ્રશાંત ભારદ્વાજ, પ્રશાંત ખેસકાની, પાયલ ગેહલોત તથા શાળાના આચાર્ય હેતલબેન ત્રિવેદી ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

આ સંસ્થા ભારતમાં સેવાકીય પ્રવૃતિ તેમજ ખાસ કરીને શાળાના ૬૮૦૦ ઓરડા બાંધીને સરકારને સુપ્રત કરવામાં મોખરાનુ સ્થાન ધરાવતી તેમજ ભારતના દરેક રાજ્યમાં સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલી ચેરીટેબલ સંસ્થા રાઉન્ડ ટેબલ ઈન્ડિયા તથા લેડીઝ સર્કલ ઈન્ડિયા અમદાવાદ એકમ દ્વારા ડભોડા કન્યા શાળાને ૪૦ હજારની કિંમતના રમતગમતના સાધનો ખેલકૂદના સાધનો ભેટ આપવામાં જેવા કે લપસણી, હીંચકા, સ્કેટીંગ, કેરમ બોર્ડ, ક્રિકેટ કીટ, વોલીબોલ-નેટ સાથે સેનેટરી વેન્ડિંગ મશીન, બેડમિન્ટન નંગ-૪ વગેરે ભેટ અર્પણ કરતાં શાળામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.




## કલોલની અનન્ય કોલેજમાં થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા જેવા ભયંકર રોગની નાબુદી માટે જાણે મુહિમ છેડવામાં આવી છે અને જિલ્લાની વિવિધ કોલેજોમાં યુવા વર્ગના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં કલોલ ખાતે અનન્ય કોલેજમાં રેડક્રોસની રાજયશાખાના સહયોગથી થેલેસેમિયા અવેરનેસ અને ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૩ વિદ્યાર્થીઓનું પરિક્ષણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્ટેટ યુનિટના ભરતભાઈ શ્રીમાળી, કોલેજના ડૉ. હાર્દિક શેઠ તથા રેડક્રોસની જિલ્લા શાખાના પ્રમુખ જીલુભા ધાંધલ તથા અશ્વિન દવેએ સેવાઓ આપી હતી અને સાથે સાથે જાગૃતિ પત્રિકાનું વિતરણ કર્યું હતું.


## ઓનલાઈન જાહેર નિવિદા નં.૩

**સને ૨૦૧૯-૨૦**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં-'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૨૯૯૭૬૮.૦૦ છે.

જે માટે આવા કામના અનુભવી ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૨૭/૧૧/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે છે. જે શક્ય હશે તો ટેન્ડર તા. ૨૭/૧૧/૨૦૧૯ના ૧૨.૧૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ-૧, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, બ્લોક નં-'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / સાદી ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૫૬૨/૧૯-૨૦

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર

**NSQF કક્ષાના શોર્ટટર્મ કોર્ષમાં પ્રવેશ ઈચ્છુક માટે**

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર તથા તેના તાબા હેઠળની ઔ.તા.સં. માણસા, કલોલ, ચાંદખેડા, દહેગામ, ગાંધીનગર (મહિલા) ખાતે નીચે મુજબ National Skill Qualification Framework (NSQF) કક્ષાના અને ઈન્ડસ્ટ્રીઝની જરૂરીયાત આધારીત ટૂંકા ગાળાના કોર્ષમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ ચાલુ છે. જે માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા તા. ૫/૧૧/૨૦૧૯થી શરૂ થયેલ છે.

**કોર્ષની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | કોર્ષનું નામ | પ્રવેશ લાયકાત | સમયગાળો |
|---|---|---|---|
| **ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર** | | | |
| ૧ | Goods & Services Tax (GST) Accounts Assistant | કોમર્સમાં અથવા સંલગ્ન વિષયમાં ગ્રેજ્યુએશન | ૧૦૦ કલાક |
| ૨ | Mututal Fund Agent | ૧૨ પાસ | ૨૦૦ કલાક |
| ૩ | Light Motor Vehicle Driver | ૮ પાસ | ૨૦૦ કલાક |
| ૪ | Smartphone Repair Technician | આઈ.ટી.આઈ. | ૩૬૦ કલાક |
| **ઔદ્યોગિક તાલીમ સંસ્થા (મહિલા) ગાંધીનગર** | | | |
| ૧ | Sewing Machine Operator | ૫ પાસ | ૨૭૦ કલાક |
| ૨ | Hair Stylist | ૮ પાસ | ૩૫૦ કલાક |
| **ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ચાંદખેડા** | | | |
| ૧ | Sewing Machine Operator | ૫ પાસ | ૨૭૦ કલાક |
| **ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દહેગામ** | | | |
| ૧ | Network Engineer | ડીપ્લોમા/આઈ.ટી.આઈ. | ૩૦૦ કલાક |
| **ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કલોલ** | | | |
| ૧ | Hand Embroiderer | ૧૦ પાસ | ૨૦૦ કલાક |
| **ઔદ્યોગિક તાલીમ સંસ્થા, માણસા** | | | |
| ૧ | Assistant Beauty Therapost (version 2) | ૮ પાસ | ૨૦૦ કલાક |

ઉપરોક્ત કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ઓનલાઈન પોર્મ ભરવા માટે તથા વધુ માહિતી માટે નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે જાહેર રજાના દિવસ સિવાય ૧૧.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સંપર્ક કરવો.
વધુ માહિતી empower પોર્ટલની વેબસાઈટ પર http://empower.gujarat.gov.in પર અને રોજગાર તાલીમ ખાતાની વેબસાઈટ http://talimrojgar.gujarat.gov.in પરથી શોર્ટ ટર્મ કોર્ષ અંગેની માહિતી પુસ્તિકા, આઈ.ટી.આઈ. વાઈઝ/ NSQF કક્ષાના શોર્ટ ટર્મ કોર્ષ વાઈઝ ભરવાપાત્ર બેઠકોની વિગતો મેળવી શકશે.

સહી/-
આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર

માહિતી/૧૫૬૧/૧૯-૨૦

## CHILDREN'S UNIVERSITY

(Extablised by Government of Gujarat)
Subhash Chandra Bose Shikshan Sankul, Near Chh-5, Children's University Circle, Sector-20, Gandhinagar-382021 (Gujarat)
**Phone : 079-232 44576, 44569 Website : cugujarat.ac.in**

सत्यम् ऋतम् बृहत्

### Advertisement No. 01/2019

Children's University, Gandhinagar invites 'Online Applications' for the following posts.

| No. | Name of Post | Name of Subject | No. of Post | Category | Pay Scale as per 7th pay Commission |
|---|---|---|---|---|---|
| 1. | Professor | Education | 01 | OPEN | Academic Level-14 Rationalized Entry Pay of Rs. 1,44,200 |
| 2. | | Language/Linguistics | 01 | OPEN | |
| 3. | | Humanities | 01 | OPEN | |
| 4. | | Nutrition and Health Education | 01 | OBC | |
| 5 | | Research | 01 | OPEN | |
| 6. | Associate Professor | Psychology | 01 | OBC | Academic Level-13A Rationalized Entry Pay of Rs. 1,31,400 |
| 7. | | Education | 01 | OPEN | |
| 8. | | English | 01 | ST | |
| 9. | | Mathematics (Vaidik) | 01 | OPEN | |
| 10. | | Creative Arts (Visual) | 01 | OPEN | |
| 11. | | Geography | 01 | OPEN | |
| 12. | | Gujarati | 01 | OPEN | |
| 13. | | Physics | 01 | EWS | |
| 14. | | Sanskrit | 01 | OBC | |
| 15. | | Yoga | 01 | OPEN | |
| 16. | Assistant Professor | Psychology | 01 | OPEN | Academic Level-10 Rationalized Entry Pay of Rs. 57,700 |
| 17. | | Psychology | 01 | SC | |
| 18. | | Home Science | 01 | OBC | |
| 19. | | Home Science | 01 | ST | |
| 20. | | Home Science | 01 | EWS | |
| 21. | | Social Work | 01 | OBC | |
| 22. | | Social Work | 01 | ST | |
| 23. | | Social Work | 01 | EWS | |
| 24. | | Performing Arts | 01 | OPEN | |
| 25. | | Physical Education | 01 | OBC | |
| 26. | | History | 01 | OPEN | |
| 27. | | Gujarati | 01 | OBC | |
| 28. | | Sanskrit | 01 | OPEN | |
| 29. | | Sanskrit | 01 | OPEN | |
| 30. | Registrar | | 01 | OPEN | 37400-67000 GP 10000 |

**Note :** Eligible candidates shall be required to apply online on or before 13/12/2019 till 5.00 P.M. at recruitment.cugujarat.ac.in. The online application can be made from 14/11/2019 to 13/12/2019.
The other details about educational qualifications are available on the website of Children's University, Gandhinagar recruitment.cugujarat.ac.in
It is mandatory for the applicants to send a hard copy of the application submitted online along with the self-attested certificates, testimonials and all supporting documents on ot before 20/12/2019 before 5.00 P.M.

**Gandhinagar**
**Date : 13/11/2019**

**Dr. Ashok N. Prajapati**
**Registrar (I/c)**
**Children's University**

માહિતી/૧૫૦૫/૧૯-૨૦